# બાળકોનું બાઈબલ
## રજૂ કરે છે :



# ઈસુ માટે કપરો સમય


લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Byron Unger; Lazarus

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

અનુકૂલન : M. Maillot; Sarah S.



60 વાર્તા 38

**www.M1914.org**

***Bible for Children,*** *PO Box 3, Winnipeg, MB R3C 2G1 Canada*



પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.


ગુજરાતી

Gujarati

જ્યારે ઈસુનું બાપ્તિસ્મા કરવામાં આવ્યું ત્યારે ઈશ્વર બોલ્યા. તેમણે કહ્યું, "આ મારો પ્રિય દિકરો છે, હું તેનાથી ખૂબ જ ખુશ છું" તે સમયે ઈશ્વરનો પવિત્ર આત્મા કબૂતરની પેઠે ઈસુ પર ઉતરી આવ્યો.



1

તે પછી તરત જ, પવિત્ર આત્મા તેને રાનમાં લઈ ગયો જ્યાં ઈસુ એકલો હતો.



2


ત્યાં ઈસુએ ચાલીસ દિવસ સુધી ઉપવાસ
કર્યા. તેનો અર્થ કે તેણે કંઈ પણ ખાધું
નહીં. એ ભૂખ્યો થયો.
3


બાઈબલ જણાવે છે ઈસુની સાથે ત્યાં જંગલી પશુઓ પણ હતાં.
4


ત્યાં ઈસુનું પરીક્ષણ કરવા માટે શેતાન
આવ્યો. ઘણા વર્ષો પહેલા તેણે આદમ
અને હવાને જેઓ એદન વાડીમાં રહેતા
હતા, તેમને ઈશ્વરની આજ્ઞા
અવગણવા પરીક્ષણમાં
નાંખ્યા હતાં.
5


હવે ઈસુનો પરીક્ષણનો
વારો આવ્યો હતો.
6


એટલે કે શેતાને
ઈશ્વરના પુત્ર ઈસુનું
પણ પરીક્ષણ કર્યું.
7


“જો તું ઈશ્વરપુત્ર હોય તો” શેતાને કહ્યું,
“આ પત્થરને કહે કે તેઓ રોટલી બની
જાય.” તેને ખબર હતી કે ઈસુ ઈશ્વરનો પુત્ર
પત્થરને રોટલીમાં બદલી શકે છે. પણ શું
ઈસુ શેતાનની આજ્ઞાને આધિન થયો?
8


ના! ઈસુ શેતાનને આધિન થયો નહીં. તેને બદલે, તેણે ઈશ્વરના વચનમાં જવાબ આપ્યો.
પવિત્ર બાઈબલ
9
“માણસ એકલી રોટલીથી જીવશે નહીં પણ દેવના મુખમાંથી નીકળતા એક એક શબ્દથી જીવશે.”
પવિત્ર બાઈબલ
10
ત્યારબાદ શેતાન ઈસુને યરૂશાલેમ, કે જ્યાં લોકો ઈશ્વરનું ભજન કરવા માટે આવતા હતા, ત્યાં દોરી લઈ ગયો. હવે પછી શેતાન શું કરવાનો હતો?
11
“જો તું ઈશ્વરપુત્ર હોય તો તારી જાતને નીચે ફેંકી દે,” શેતાને કહ્યું, “તેવું વચન કહે છે. તેના દૂતો તને ઝીલી લેશે.”
12
ના! ઈસુએ જવાબ આપ્યો. “એ પ્રમાણે પણ લખવામાં આવ્યું છે કે… તું તારા દેવ ઈશ્વરની પરીક્ષા ન કર.”
પવિત્ર બાઈબલ
13
શેતાને ફરી પ્રયત્ન કર્યો. ફરી શેતાન ઈસુને શહેરની બહાર એક ઊંચા પહાડ પર લઈ ગયો.
14













ઈસુ માટે કપરો સમય

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

માથ્થી ૪, લૂક ૪

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબતો કરી છે, જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મોત છે.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે, તેમણે તેના પુત્ર ઈસુને વધસ્તંભ પર મૃત્યુ પામવા મોકલી આપ્યા જેથી આપણા પાપની શિક્ષાનું દેવું ચૂકવી શકે. ત્યારબાદ તેઓ મૃત્યુમાંથી ઉઠીને સ્વર્ગમાં ગયા છે, હવે ઈશ્વર આપણા પાપ માફ કરી શકે છે.

જો તમે તમારા પાપથી પાછા ફરવા માંગતા હોય તો ઈશ્વરને કહો કે : વ્હાલા ઈશ્વર હું માનું છું કે ઈસુ મારા માટે મરી ગયા છે અને ફરી જીવતા થયેલા છે. કૃપા કરીને મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો, જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને જેથી તમારી સાથે સદાકાળ જીવી શકું. તમારો બાળક બનવા મારી મદદ કરો. આમીન. યોહાન ૩:૧૬

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો.